**એમ.એ.સી.પી.નં. ૦૭/૨૦૨૫**

**–: આંક–૧ હેઠળ હુકમ : –**

આજરોજ તા.૧૪/૩/૨૦૨૬ના રોજ નેશનલ લોકઅદાલત છે. સદર કામના અરજદાર તથા તેઓના વિ.વ.શ્રી વી.એમ.વ્યાસ હાજર છે. સામાવાળા વીમા કંપની તરફે અધિકૃત અધિકારી તથા વિ.વ.શ્રી વી.એસ.રાચ્છએ સમાધાન પુરસીસમાં સહી કરેલ છે. પક્ષકારોએ સમાધાન પુરસીસ આંક–૩ર થી રજુ કરેલ છે. જે સમાધાન પુરસીસ વંચાણે લેતા અરજદારે રૂા.૨૮,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા અઠયાવીસ લાખ પુરા) વળતરની રકમ લેવાનુ અને સામાવાળાએ ચુકવવાનુ સમાધાન કરેલ છે. પક્ષકારોને સમાધાન પુરસીસ વાંચી, સંભળાવી, સમજાવતા સમાધાન પુરસીસની હકીકતો કબુલ મંજુર રાખેલ છે અને સમાધાન મુકત સંમતિથી કરેલ હોવાનુ જણાવેલ છે. જેથી સમાધાન નોંધવામાં આવે છે. પક્ષકારોએ સમાધાન પુરસીસમાં દર્શાવેલ હકિકતો અનુસાર હાલની વળતર અરજી ફેસલ કરી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**– : હુકમ :–**

૧. મોટર અકસ્માત વળતર અરજી નં. ૦૭/૨૦૨૫ નેશનલ લોક અદાલતમાં સમાધાનની રૂએ ફેસલ કરવામાં આવે છે.

૨. સદરહુ કામના સામાવાળા નં.૩ ગો ડીજીટ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડે અરજદારને વળતર પેટે ચુકવવાની રકમ પેટે રૂા.૨૮,૦૦,૦૦૦(અંકે રૂપીયા અઠયાવીસ લાખ પુરા) અત્રેની ટ્રીબ્યુનલમાં જમા કરાવવી. જો અરજદારને વચગાળાની વળતરની રકમ ચુકવવામાં આવી હોય તો તે રકમ ઉપરોકત વળતરની રકમમાંથી બાદ કરવી.

૩. ત્યારબાદ રહેતી વળતરની રકમમાંથી ૬૦% રકમ ફીકસ્ડ ડીપોઝીટમાં પાંચ વર્ષ માટે અરજદારની પસંદગી મુજબની નેશનલાઈઝડ બેંકમાં મુકવાનો હુકમ કરવામા આવે છે. અરજદાર બેંકમા મુકેલ પાંચ વર્ષની ફીકસ્ડ ડીપોઝીટ ઉપર કોઈપણ લોન કે ધીરાણ મેળવી શકશે નહી

કે અન્ય કોઈ બોજો કરી શકશે નહી. આમ છતાં બેંકમાં કરાવેલ ફીકસ્ડ ડીપોઝીટ ઉપર સમયાંતરે વ્યાજની રકમ મેળવવા માટે હકકદાર રહેશે. બાકી રહેતી વળતરની રકમના ૪૦% રકમ અરજદારને નિયમાનુસાર RTGS/NEFT થી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૪. કોર્ટ ફીઝ અરજદારે જમા કરાવી હોય તો આજરોજ લોકઅદાલતમાં સમાધાન થયેલ હોય પરત આપવી.

૫. હુકમ મુજબ એવોર્ડ દોરવો.

આ હુકમ આજ તારીખ ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી લોક અદાલતમાં મારી સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ :૧૪/૩/૨૦૨૬
લોક અદાલત
(એ.એ.માકમ)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
ચેરમેન
એમ.એ.સી.ટી.(મુખ્ય)
જી.દેવભૂમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Unique ID Code : GJ-00345)